સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કળિયુગમાં રાજકારણને લાગ્યું ગ્રહણ,
સિદ્ધાંત-નિષ્ઠા, સત્યની નીતિને, લાગ્યું છે ગ્રહણ,
મર્યાદા અને લાજશરમમને, લાગ્યું છે ગ્રહણ,
કરે છે વિશ્વાસઘાત પ્રજાનો, લાગ્યું છે ગ્રહણ

હાઈકુ

સત્તાની ભખ
ફેલાવે અંધાધૂધી -
રાહુ ને કેતુ...

મોઢું ફાડીને -
ફરે મગરમચ્છ
શોધે શિકાર...
(નબળા મનના સભ્યો)

ચિંતન

વસ્ત્રાન્ન ભૂષણ પ્રેમ મૃદુ વાગિભશ્ય શક્તિતઃ ।
સ્વાત્યન્ત સન્નિ કર્ષેણ સ્ત્રિયં ચ પુત્ર ચ રક્ષયેત્ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક ગીતામાંથી લેવામાં આવેલ છે.

અન્ન, વસ્ત્ર, આભૂષણ, પ્રેમ, મધુર વિનયયુક્ત વાણી આ બધા દ્વારા સુંદર વ્યવહાર રાખી, પુરુષે પોતાની પત્ની અને બાળકોની હૃદયની સમીપ રાખવા જોઈએ. ત્યારબાદ જ લોકચાહનાના પ્રયત્નો કરવા જોઈએ.

કેટલાક લોકોનો સ્વભાવ એવો હોય છે કે નોકરી ધંધામાં એવા વ્યસ્ત થઈ જાય કે પત્ની અને બાળકો ને પણ ભૂલી જાય. ઘણા એવા હોય કે લોકોની 'વાહ-વાહ' અને લોકચાહના મેળવવા માટે તન-તોડ મહેનત કરે અને એમ કરવા જતા ઘર-પત્ની-બાળકો પ્રત્યેની ફરજની અવગણના થઈ જાય.

કેટલાક ધંધાદારીઓ એવી દલીલ કરે છે કે અત્યારે અમારી મહેનત કરી લેવાની ઉંમર છે, કમાઈ લેવાની જરૂર છે. આમ આ પરિવારને 'અવગણવાનું' યોગ્ય બહાનુ નથી. પરિવારની તો પળે પળે ચિંતા - પ્રેમ હૂંફની જરૂરિયાત સંતોષાવી જ જોઈએ. જો એ આજ નહિ આપો તો આવતીકાલ ઘણું મોડુ કહેવાશે.

સુવિચાર

- યૂં હી નહીં મિલ જાતા શહર મેં દુકાન પર આટા,
  કિસી ને ચિલચિલાતી ધૂપ મં ગેહૂં થા કાટા... - **સરયુ દર્શન**
- શિખરું ઊંચા ને મારગ આકરા, નહીં કોઈ સાથ કે સંગાથ,
  નહીં ત્યાં કેડી કે નહીં વાટડી, ચડવાં ચઢાવો તસુ તસુ એકલાં! - **મનસુખલાલ ઝવેરી**
- માનવીની જેમ પશુ-પંખી કે પ્રાકૃતિક તત્ત્વો કદાપિ દ્વિધામાં જીવતા નથી, કારણ કે તે લોકો કુદરતના બધા જ નિયમોને અનુસરે છે - **શશિન્**
- ધ્યાન એટલે પોતાની જીવનકિતાબ વાંચવી - **જે. કૃષ્ણમૂર્તિ**
- સૃષ્ટિમાં માણસ જ એક માત્ર એવો જીવ છે કે જેને સંતોષ અને અસંતોષ વચ્ચેનો ફરક ખબર છે, પણ તેને માન્ય નથી - **એસ. ભટાચાર્ય**
- ક્રોધના વિજય કરતા... ક્ષમાનો પરાજય ઘણો ભવ્ય હોય છે - **રોહિત શાહ**
- આજનું ઔષધ : રાઈનું ચૂર્ણ નવશેકા પાણી સાથે સવાર-સાંજ લેવાથી અજીર્ણ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અબ્રાહ્મ લિંકન પ્રમુખ બન્યા ત્યારે એમના ઉપર કેટલાક માણસો જુઠી વાતોના દોષારોપણ કર્યા કરતા. વાત જયારે હદની બહાર ગઈ ત્યારે એમના ઉચ્ચ અધિકારીઓએ લિંકનને સલાહ આપી કે આવા જૂઠાણાનો વર્તમાનપત્રમાં જવાબ આપી આપણે આપણો પક્ષ રાખી શકાય. લિંકને કહ્યું, મહાશય, જો હું મારા વિશે થતી દરેક ટીકા વાંચવા બેસુ અને એની સ્પષ્ટતા આપવા રહું તો મારે બીજા કોઈ કામ ન થાય. દેશ માટે મમને જે ઉત્તમ લાગે છે, તે ઉત્તમ રીતે કરવાનો હું પ્રયત્ન કરું છું. અને અંત સુધી કરતો રહેવાનો છું. જો હું સાચો હોઈશ અને સાચો રહીશ તો મારા વિરોધીઓની ટીકાનો કોઈ જ અર્થ રહેશે નહીં. પરંતુ જો હું ખોટો હોઈશ અને ખોટો રહીશ તો ખોટો ઠરીશ અને દસ ફિરસ્તાઓ પણ આવીને મારી તરફેણમાં સાક્ષી આપશે કે હું સાચો હતો, તો પણ કંઈ વળશે નહીં.

લિંકનનો લોકસેવા કરવાનો અભિગમ કંઈક અનોખો હતો. લિંકન કહેતા. 'મારી ધર્મ અંગેની વ્યાખ્યા સૌથી અલગ છે. જયારે મારાથી કોઈ સારું કામ થાય ત્યારે મારા આત્માને સંતોષ અને સુકુનની લાગણી થાય છે અને મારાથી જો કોઈ ખોટું કામ થઈ જાય છે ત્યારે ભીતર મને પીડા થાય છે.'

હવે , વાણી-વિલાસ બંધ કરો

તંત્રીસ્થાનેથી...

કોઈ માઈનો લાલ છાતી ઠોકીને કોરોનાના તાંડવનૃત્યની પૂર્ણાહૂતિની તારીખ જણાવી શકે એમ નથી. કાશ્મીરથી કન્યા કુમારી અને બંગાળથી ગુજરાત સુધી એ વણથંભ્યો વિજયકૂચ કરી રહ્યો છે. ઉત્તરપ્રદેશના કોરોના સંક્રમણ અને મૃત્યુ આંકની સરખામણી યુરોપના સમૃદ્ધ દેશો સાથે કરીને વડાપ્રધાન પોતાની અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પીઠ થપથપાવે છે, પણ આ તો શાહમૃગ જેવી સાંત્વના છે. વિશ્વવિજય કરવા નીકળેલા સિકંદરની જેમ કોરોના અત્યાર લઘી અસ્પૃશ્ય રહેલા પ્રદેશોમાં પ્રસરી રહ્યો છે. ગુજરાતમાં અમદાવાદનું પીક પોઈન્ટ આવી ગયું છે પણ સુરત વગેરેનું બાકી છે. સર્દતર ગ્રીન ઝોન રહેલા અમરેલી જિલ્લામાં કોરોના હમચી ખૂંદવા લાગ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. મુંબઈ અને મહારાષ્ટ્રની પરિસ્થિતિ સુધરવાનું નામ નથી લેતી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને લાગે છે કે કદાચ ૩૦ જૂન પછી પણ લોકડાઉન લંબાવવું પડશે. એક હૈદરાબાદમાં કોરોનામાં ઓચિંતો ઉછાળો આવ્યો છે. એક ચોત્રીસ વર્ષનો યુવાનને ખરા સમયે ઓક્સિજન ઉપલબ્ધ નહીં થતાં એ ગૂંગળામણનો વીડિયો બનાવી એના પિતાને પોસ્ટ કરે છે. સરકારી હોસ્પિટલોમાં પૂરતા બેડ્સ છે અને તમામ સુવિધાઓ તત્કાળ ઉપલબ્ધ કરાવાઈ રહી છે એવો તેલંગાણાના મહત્ત્વાકાંક્ષી મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવનો દાવો કેટલો પોકળ છે તે આ યુવાનના નાકમાંથી ઓક્સિજનની નળી ખેંચી કઢાઈ અને એને રિબાઈ રિબાઈને મરવા દીધો તે દારુણ ઘટનાથી સ્પષ્ટ થાય છે. તજજ્ઞોએ હૈદરાબાદને ફરી લોકડાઉન કરવાની સલાહ આપીછે. હવે જયારે આ બિમારી વૈશ્વિક મહામારી સામે પદ્ધતિસર લડીને યુરોપના દેશો એના સકંજામાંથી લગભગ સલામત રીતે બહાર આવી ગયા છે ત્યારે ભારત દુનિયાના સૌથી વધુ સંક્રમિત દેસોની યાદીમાં ટોચના સ્થાન પર પહોંચવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આવી વિકટ પરિસ્થિતિમાં ચીન સાથેની સરહદી માથાકૂટ સેનાને સુપ્રત કરી દેવી જોઈએ અને રાજકીય નેતાઓએ મુદ્દે વિવાદમાં નહીં ઊતરતાં સર્વસંમતિનું વાતાવરણ સર્જવું જોઈએ, પરંતુ કોંગ્રેસના સર્વેસર્વા રાહુલ ગાંધી એક પછી એક પ્રશ્નો પૂછી નાહક એમના પરદાદાની છબી જ ખરડી રહ્યા છે. ચીન સામે ૧૯૬૨ની લડાઈમાં પંડિત નહેરુ બૂરી રીતે છેતરાઈ ગયા હતા. મોટી ખુવારી વહોર્યા પછી અને ચીને ૪૫૦૦૦ ચોરસ કિલોમીટર જેવો વિસ્તાર કબજે કરી લીધા પછી સમાધાન થયું હતું, તે વખતે ભારતીય સેના પાંગળી હતી. એ ધીરે ધીરે વધુ ને વધુ સક્ષમ બની છે છતાં ચીનની સેના સાથે તો એની સરખામણી થઈ શકે એમ જ નથી. આવી બાબતોમાં પાણીમાંથી પોરા કાઢી પોતાની નેતાગીરી પ્રસ્થાપિત કરવા જેવી વાહિયાત બાબત બીજી હોઈ શકે ખરી? પરંતુ સોનિયા - રાહુલની મા - દીકરીની જોડી અત્યારે એ જ પ્રવૃત્તિ કરી રહી છે. કોરોના સામે ઝઝૂમતા દેશની ગરીબ પ્રજાને ચીન સરહદ પર થોડો વધુ ટુકડો કરજે કરી લે એની ચિંતા ના હોય. એને તો જીવની પડી હોય. પેટ્રોલ-ડિઝલના ભાવ વધતાં બેફામ બનેલી મોંઘવારીની ફિકર હોય. વડાપ્રધાન પણ હુંકારની ભાષામાં પડકાર ફેંકી એમની લોકપ્રિયતા ટકાવી રાખવા મથી રહ્યા છે. એમણે મન કી બાત કરવા કરતાં મૌન ધારણ કરી કોરોના સંકટ પ્રત્યે ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ અને સરહદનો મુદ્દો સેનાને સોંપી દેવો જોઈએ.

સત્‌ગુરુ મળિયા સ્હેજમાં, જેણે સતનો શબદ સુનાયો...

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'અરે, અમે પ્રાઈમરી સ્કૂલમાં હતા ત્યારે સ્કૂલમાં ગુરુ પૂર્ણિમા ઉજવાતી અને જે આનંદ આવતો, તે આનંદ પછીના સમયમાં શિક્ષણ રહ્યું પણ આનંદ તો ન જ પામ્યા.'

ઝલક એની એક મિત્ર સાથે વાત કરતી હતી. પેલી મિત્રએ પણ કહ્યું કે, સાચી વાત છે, સ્કૂલમાં અને કોલેજમાં ઉજવાતા ઉત્સવોમાં બહુ મોટો ફેર પડી ગયો છે.'

વાતમાં બેશક દમ છે, હજી કેટલીયે શિક્ષણ સંસ્થાઓમાં ગુરુ પૂર્ણિમાનો તહેવાર ઉલ્લાસમય રીતે ઉજવાય છે. ચારવેદ અને મહાભારતની રચના કરનાર મહર્ષિ વેદવ્યાસનો જન્મ દિવસ છે અષાઢી પૂર્ણિમા એથી એ વ્યાસ પૂર્ણિમા નામે પણ ઉજવાય છે. શાળા-મંદિર-આશ્રમ-ગુરુ સમાધિ અને ભાવ અને શ્રદ્ધાપૂર્વક ગુરુપૂર્ણિમા ઉજવાય છે.

સંસ્કૃત સાહિત્ય વાંચીએ ત્યારે જણાય કે ગુરુ કોણ ? જવાબ મળે છે કે, 'શિષ્યને જે સંસાર સાગરથી પાર ઉતારે તે ગુરુ.' શ્રી ગૌતમ પટેલ એક લેખમાં લખે છે કે, શ્રીમદ્ ભગવદગીતામાં શિષ્યસ્તેઽહં શાધિમાં ત્વ પ્યન્નમ્ કહેનાર અર્જુનના કાનમાં ગીતામૃતનું સિંચન કૃષ્ણે કર્યું છે અને તે દ્વારા તમારા, મારા અને આપણા સહુ કોઈના એ ગુરુ બની ગયા છે. જે સ્વયં બ્રહ્મને જાણે અને બીજાને તેનું જ્ઞાન કરાવે તે ગુરુ. આ અર્થમાં પણ કૃષ્ણ ગુરુ છે.

સ્વાભાવિક રીતે સામાન્ય માણસની સમજ એવી છે કે ગુ-કાર એટલે અંધકાર અને ર-કાર એટે દુર કરનાર. આમ અંધકારને, અજ્ઞાનને, સંસારની ભ્રાંતિને દૂર કરે તે ગુરુ. આપણે માણસ તરીકે આચાર-વિચારથી કયાંક - કયારેક ડાબે જમણે જતા હોઈએ અને આપણા ચિત્તમાં આવી યોગ્ય દિશા નિર્દેશ આપે તે ગુરુ. શ્રી રામચરિત માનસમાં ગોસ્વામી શ્રી તુલસીદાસજી ગુરુ મહિમાનું ગાન કરતા લખે છે, બંદઉં ગુરુ પદ પદુમ પરાગા

સુરુચિ સુબાસ સરસ અનુરાગા
અમિય મૂરિમય ચુરન ચારું,
સમન સકલ ભવ રજ પરિવાહુ

અર્થાત્ હું ગુરુના ચરણ કમળોની રજની વંદના કરું છું, જે સુરુચિ, સુગંધ તથા અનુરાગ રુપી રસથી પૂર્ણ છે! તે અમર મૂળ એટલે કે સંજીવની જડીનું સુંદર ચૂર્ણ છે, જે પૂર્ણ ભવરોગોના પરિવારનું નાશ કરનાર છે.

ગુરુના સ્મરણ માત્રથી એ અનાયાસ - અપ્રયાસ - અનહદ કૃપા કરે છે. શિષ્ય પર... શિષ્ય જયારે ઘેરાયેલો હોય ત્યારે કોઈને કોઈ સ્વરુપે એ આવીને શિષ્યના તમામ દુઃખોનું નિવારણ કરે છે.

સંત કબીરે પણ એમની સાખીઓમાં અનેકવાર ગુરુના મહત્વને સ્વીકાર્યું છે. ગુરુથી દીક્ષિત થઈને જ વ્યક્તિ પોતાનું ને બીજાનું કલ્યાણ કરી શકે છે. કબીર સાહેબ લખે છે,

ગુરુ સમાન દાતા નહીં,
જાચક શિષ્ય સમાન,
તીલ લોક કી સંપદા
સો ગુરુ દીન્હીં દાન...

અર્થાત્, ગુરુ સમાન કોઈ દાતા નથી, શિષ્ય જેવો કોઈ માંગનાર નથી, શિષ્યના માંગવાથી ગુરુ ત્રણે લોકની સંપદા દાન કરે છે.

પ્રાચીન ભજનવાણીમાં તો અપરંપાર પદો મળે છે ગુરુ મહિમાના. સંત કવિ ભાણો લખે છે,

સત્‌ગુરુ મળિયા સ્હેજમાં,
જેણે સતનો શબદ સુનાયો,
ચોરાસીનો રાહ ચુકાવી,
અખંડ ધામ ઓળખાયો.

રવિરામ સાહેબ લખે છે,

પ્રેમનો પિયાલો મારા ગુરુજીએ પાયો,
નુરતે ને સુરતે મેં તો નિરખ્યા હરિ.

ગુરુ પૂર્ણિમા અષાઢ મહિનામાં જ કેમ ? નો ઉત્તર એવો મળે છે કે, આ સમયે આકાશમાં કાળા વાદળો ઘેરાયેલા હોય છે અને એવા સમયે પૂર્ણિમાના ચંદ્ર સમાન ગુરુ છે જે વાદળો વચ્ચેથી પણ પ્રકાશ આપે છે અને અંધકારને ખતમ કરે છે આમ ગુરુપૂર્ણિમાના દિવ્ય ઉત્સવના અજવાળા રેલાય છે.

બસ ને ! હજી તો અઠવાડીયું થયું છે...અને તમે બધાં મને ભૂલી પણ ગયા ને !

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ગત સપ્તાહે તમે બધા લોકોએ મને અઢળક લેખો દ્વારા અને ફેસબુક પોસ્ટ તથા ટ્વીટ સ્વરૂપે યાદ કર્યો અને હજી સપ્તાહ પણ નથી થયું અને હું ભૂલાતો ગયો. તેવા સમયે આ વખતે હું તમને યાદ કરું છું. હું જાણું છું કે આપ સૌની નિષ્ઠા સંસ્કૃત ભાષા અને સંસ્કૃત સાહિત્યની ઉત્તમ કૃતિઓ પ્રત્યે છે જ, પરંતુ ભગવાન પ્રત્યે શ્રદ્ધા રાખવી અને નિયમિતપણે તેનું નામ સ્મરણ કરવું એ બંનેમાં ફરક તો ખરોને ! હે સંસ્કૃત પ્રેમીજનો ! તમે પ્રતિદિન પ્રતિપળ સંસ્કૃત સાહિત્ય સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃત રહો. ખૂબ મોટી મોટી વાતો કરવી સહેલી છે પરંતુ પાયાનું કામ કરવું અગત્યનું છે. અને અઘરું પણ છે. તમે જાણો છો કે તમારી આસપાસ કદાચ સંસ્કૃતને પૂજવાવાળા લોકો હશે પરંતુ તેનો નિત્ય ઉપયોગ કરીને તેની ઉપાસના કરવાવાળા લોકો ઘટતા જાય છે. તમારે એ સમજવાની જરૂર છે કે કોઈ એક દિનવિશેષ નિમિત્તે મને પુષ્કળ યાદ કરીને પછી પાછું એક વર્ષ સુધી સુતા રહેવાનું હવે સંસ્કૃત ભાષાને પાલવે તેમ નથી. પ્રતિદિન કાલિદાસ જયંતિ ઊજવાતી રહે તેવો મારો મતલબ નથી, પણ મારા નામ સાથે સંસ્કૃત અભિન્નપણે જોડાઈ ચૂક્યું છે. એટલે જો તમે મને યાદ કરશો તો સંસ્કૃત જોડાયેલું જ રહેવાનું છે.

ખેર, મારી આ વ્યથા હતી. જે મેં તમને જણાવી. સાથે સાથે હવે થોડી સમાધાનની વાતો પણ કરવી રહી. હું અહીં માત્ર દોષારોપણ કરવા આવ્યો નથી. હું જાણું છું કે સમાજમાં ઘણા લોકો સંસ્કૃત ભાષાને પુનર્જીવિત કરવા અહર્નિશ પ્રયાસ કરી રહ્યા છે. કોઈ વ્યક્તિગત રૂપે તો કોઈ સામૂહિક રૂપે પ્રયત્ન જરૂર થઈ રહ્યા છે. એ જ તો કારણ છે કે આજે એક વર્તમાનપત્રના લેખ દ્વારા હું આપની સમક્ષ પ્રસ્તુત થઈ રહ્યો છું.

વર્ષો પહેલા નાગાર્જુન નામક એક હિન્દી ભાષી કવિએ ''કાલિદાસ સચ સચ બતલાના...'' કવિતા લખી હતી. આ પ્રશ્ન પૂછ્યા પછી મારી પાસેથી જવાબની અપેક્ષા રાખ્યા વગર તમે બધા તો બધા આગળ વધી ગયા પણ આજે મારે તમને સાચું સાચું કહેવું છે. જે પ્રશ્ન ત્યારે પૂછાયો હતો એનો જવાબ આપવો છે. સાચું કહું તો તમને એવું નથી લાગતું કે અભિજ્ઞાનશાકુંતલના ચોથા અધ્યાયમાં કન્યાવિદાય વખતે શકુંતલા ને વિદાય આપતી વખતે કણ્વ ઋષિ જે પ્રકારે પોતાની વ્યથા પ્રગટ કરે છે તે આજના પિતાની સાથે કેટલું સામંજસ્ય સ્થાપે છે ! આ કાલજયી કૃતિ હજી સદીઓ સુધી પ્રસ્તુત જ રહેવાની છે.

''અભિજ્ઞાનશાકુન્તલમ'' નાટકમાં શકુન્તલાને વિદાય આપતા તેના પાલક ઋષિ-પિતા કહે છે –

યાસ્યત્યદ્ય શકુન્તલેતિ હૃદયં સંસ્પૃષ્ટમુત્કણ્ઠયા, કણ્ઠઃ સ્તમ્ભિતબાષ્પવૃત્તિકલુષશ્ચિન્તાજડં દર્શનમ્ ।
વૈક્લ્યં મમ તાવદીદૃશમપિ સ્નેહાદરણ્યૌકસઃ, પીડ્યન્તે ગૃહિણઃ કથં નુ તનયાવિશ્લેષદુઃખૈર્નવૈઃ ॥

આજે શકુન્તલા સાસરે જશે એ વિચારથી હૃદય ઉત્કંઠાથી ભરાઈ આવે છે, આંસુના વેગને રોકવા જતાં કંઠ રૂંધાય છે. ચિંતાથી આંખ જડ બની જાય છે. જો મારા જેવા અરણ્યવાસીની પણ સ્નેહને કારણે આવી વ્યાકુળ દશા હોય તો ગૃહસ્થીઓને પુત્રીવિયોગના દુઃખથી જાણે કેવીય વેદના થતી હશે ?

પિતા જ્યારે પુત્રીને સાસરામાં રહેવાની શીખ આપતા શ્લોક કહે છે શું તમને નથી લાગતું કે આજે એ પુત્રી કે પિતા આ નાટક વાંચ્યા પછી પોતાની લગ્નવાંછુક દીકરીને આ પ્રકારનો ઉપદેશ આપે તો સામાજિક વિષમતાઓ આજના સમાજમાં જે વધી રહી છે તેનો અંત આવી શકે ?

સુશ્રૂષસ્વ ગુરુન્કુરુ પ્રિયસખીવૃત્તિં સપત્નીજને, ભર્તુર્વિપ્રકૃતાપિ રોષણતયા મા સ્મ પ્રતીપં ગમઃ ।
ભૂયિષ્ઠં ભવ દક્ષિણા પરિજને માગ્યેષ્વનુત્સેકિની, યાન્ત્યેવં ગૃહિણીપદં યુવતયોઃ વામાઃ કુલસ્યાધયઃ ॥

પતિના ઘરે પહોંચીને, વડીલોની સેવા કરજે, શોક્યો સાથે પ્રિય સખીના જેવો વર્તાવ રાખજે, પતિ તારું અપમાન કરે તો પણ રોષે ભરાઈને સામે થઈશ નહિ. નોકરચાકર પ્રત્યે ખૂબ જ માયાળું વર્તન રાખજે. સદ્ભાવથી છકી જઈશ નહીં. આ રીતનું વર્તન કરનાર 'ગૃહિણી'નું પદ પામે છે; (એનાથી) વિપરીત રીતે વર્તનાર સ્ત્રીઓ કુટુંબને માટે પીડાકર બની રહે છે.

'કુમારસંભવ' અને 'રઘુવંશ' જેવા મહાકાવ્યો શું માત્ર કોલેજના વિદ્યાર્થીઓને અમુક સર્ગ પૂરતા ભણાવવા મર્યાદિત રાખવા છે ? રાત-દિવસ જોયા વગરનો મારો જ્ઞાન-યજ્ઞ માત્ર અમુક અંશ વિદ્યાર્થીઓને માત્ર ભણાવીને, ગોખાવી દઈને, અમુક ટૂંકનોંધ તૈયાર કરાવીને પૂરો કરી દેવાનો આયાસ થઈ રહ્યો છે તે યોગ્ય છે ? સંસ્કૃત ભણાવવાનો આવો શિષ્ટાચાર માત્ર ચાલ્યા કરશે તો પછી સંસ્કૃત પ્રત્યે ઉદાસીન વલણ વધતું જ રહેશે. થોડાં જાગૃત થાઓ. તમારે ત્યાં બોર્ડની પરીક્ષામાં ગયા વર્ષ સુધી જે સંસ્કૃતના પ્રશ્નપત્રમાં અઢળક ભૂલો રહેતી હતી એ પ્રશ્ન તો હજી ચિરંજીવ છે, ત્યાં હમણાં હમણાં ધ્યાનમાં આવ્યું છે કે સંસ્કૃત ભાષાના ભોગે હજી નવા નગારા વાગવાની શરુઆત થઈ રહી છે. પરિવર્તન એ સંસારનો નિયમ છે, પરંતુ આપણી સંસ્કૃતિના પોષક તત્ત્વ સમી આ સંસ્કૃત ભાષા ના ભોગે ! વાહ રે વાહ , એક તરફ કેન્દ્ર સરકાર સંસ્કૃતનો વિઝન અને રોડમેપ તૈયાર કરી રહી છે. સંસ્કૃત આયોગનું ગઠન થઈ રહ્યું છે. બીજી તરફ શાળાકીય શિક્ષણમાંથી સંસ્કૃતનો છેદ ઉડાડવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. જે ભાષાને ફરજિયાતપણે બાળકને ભણાવવી જ જોઈએ, તેને હાંસિયામાં ધકેલાઈ રહી છે. નાનપણથી તે ભાષા પ્રત્યે આટલું દુર્લક્ષ્ય સેવાતું હોય તો તમને રાત્રે ઊંઘ કેવી રીતે આવે ? નાગાર્જુન કવિ પૂછે છે કે –''સચ બદલાના રોયા યક્ષ થા યા તુમ થે રોયે...'' મારે એને કહેવું છે કે હું જ રોયો હતો અને આજે પણ મારું રુદન ચાલુ જ છે. તે સમયે 'મેઘદૂત' જેવું ઉત્તમ સર્જન કર્યાનો આનંદ અને સંતોષના અશ્રુ હતા. જ્યારે આજે વેદનાના આંસુ વહી રહ્યા છે.

પશ્ચિમી વિદ્વાનો અને કવિઓના ઘર કે પ્રદેશને જે પ્રમાણે હેરિટેજમાં સ્થાન આપીને ત્યાંની સરકારો સાચવી રહી છે તે માત્ર તે કવિનું સન્માન છે જ નહીં તે તો ત્યાંના સાહિત્યનું સન્માન છે. આજે હું આપને અમારી વેદના કહી રહ્યો છું તે વ્યક્તિગત છે જ નહીં પરંતુ સંસ્કૃતમાતાની અથાક સેવા કરતાં કરતાં મારું જીવનયાપન થયું હતું અને સંસ્કૃત ભાષા મારા શોણિતમાં વહી રહી છે, આ તેનું પરિણામ છે કે આજે મને સ્વર્ગમાં પણ ચેન નથી. હું તો સ્વર્ગીય થઈ ગયો પરંતુ આપ સંસ્કૃત ભાષાને સ્વર્ગીય ન થવા દેતા.

- jayuoza@gmail.com, Mo.9898046488

બહારથી નકારના પોકારો ન સંભળાય ત્યાં સુધી જીવનમાં અશક્ય કશું નથી

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અનરાધાર વરસાદ વરસતો હતો. ગામની બાજુમાંથી પસાર થતી નદી બે કાંઠે ધસમસતી વહેતી હતી. ગામના સંપન્ન પરિવારના બે ભાઈઓને વરસાદી વાતાવરણમાં નદીમાં નાહવાની ઈચ્છા થઈ. વરસાદ બંધ થતા વેંત આ બન્ને ભાઈઓ નદીમા નાહવાની મજા લેવા માટે કાંઠે પહોંચી ગયા. બન્ને ભાઈઓ નદીમાં નાહવા પડ્યા. નહાવાની મસ્તીમાં એક ભાઈને સમજ ન પડી અને ઊંડા પાણીમાં દૂર તણાવા લાગ્યો. બીજા ભાઈ અને કાંઠે ઊભેલા ગામ લોકોએ એને બચાવવા ખૂબ બૂમો પાડી બચાવવાના ખુબ પ્રયત્નો કર્યા પણ કોઈ કામમાં ન આવ્યા. એનો ભાઈ વધુને વધુ દૂર તણાવા લાગ્યો. એ બહાર આવી અને ગામના લોકો સાથે તણાઈ ગયેલા ભાઈનો વિલાપ કરતો બેઠો હતો એવામાં દૂરથી એક ફકીર કોઈ યુવાન સાથે ચાલતો ટોળા નજીક આવતો દેખાયો. વધુ નજીક આવતા ખબર પડી કે એની સાથેનો યુવાન બીજો કોઈ નહીં પણ એનો ભાઈ જ હતો.

તાણાઈ ગયેલા ભાઈને જોઈને એ ખૂબ ખુશ થઈ ગયો એને ભેટીને પૂછવા લાગ્યો, 'તું કેવી રીતે બચી ગયો ? પાણીનું વહેણ તો બહુ જબરજસ્ત હતુ.' ભાઈના પ્રશ્નનો જવાબ આપે એ પહેલાં ફકીરે કહ્યું, ''એ એટલા માટે બચી ગયો કે, જ્યારે એ તણાતો હતો ત્યારે આજુબાજુમાં 'તું નહીં બચી શકે...' એવું કહેવાવાળું કોઈ ન હતું. એટલે એણે હિંમત એકઠી કરી બચવાનો મરણીયો પ્રયાસ કર્યો. એક લાકડાના સહારે એ તરીને બહાર આવી ગયો. જ્યાં સુધી બહારથી નકારના પોકારો ન સંભળાય ત્યાં સુધી જીવનમાં અશક્ય કશું નથી.''

સામાન્ય રીતે દરેકની જિંદગીમાં આવું જ બનતું હોય છે. જ્યારે મુશ્કેલી કે તકલીફનો સમય હોય ત્યારે કોઈ કહે કે, 'આ અશક્ય છે.' એટલે પ્રયાસો કરવાના હથિયાર હેઠા કેમ મૂકી દેવામાં આવે છે ? આનું સીધું કારણ એટલું જ છે કે, લોકોના પ્રયત્નો, પોતાની શક્તિઓ અને સંભાવનાઓ અંગે બીજાએ કહેલા આકલનના આધારે વર્તન કરતાં જોવા મળે છે. વ્યક્તિના મનમાં દરીયો ભરીને અસિમ સંભાવનાઓ પડી હોય છે. કોઈકના નકાર માત્રથી કમજોરી આવી જતી હોય છે.

હેરી એન્ડ્રીસ રનીંગનો બ્રિટીશ કોચ. રનીંગની દુનિયામાં હેરીનું નામ બહુ આદરથી લેવાય. વર્ષ ૧૯૦૩માં એણે સ્ટેટમેન્ટ આપ્યું કે,

'ચાર મિનિટમાં એક માઈલની દોડનો વિશ્વ વિક્રમ કોઈ તોડી શકશે નહીં.' જ્યારે પ્રમાણિકપણે કોઈ સિદ્ધહસ્ત વ્યક્તિ કોઈ વાત પ્રમાણિત કરે ત્યારે લોકોના દિલો દિમાગ ઉપર એ વાત ઘર કરી જતી હોય છે. બરાબર ૫૦ વર્ષો પછી રોજર બેનીસ્ટરે વર્ષ ૧૯૫૪માં એક માઈલની દોડ ત્રણ મિનિટ ઓગણસાહીંઠ સેકન્ડ અને ચાર માઈક્રો સેકન્ડમાં દોડીને નવો કીર્તિમાન સ્થાપ્યો. કોચ હેરી એન્ડ્રીસના સ્ટેટમેન્ટને સાચુ માની બેઠેલા લોકોને રોજરે નવું વિચારવા મજબૂર કરી દીધાં.

રોજર બેનિસ્ટર પછી એક દશકમાં જ એટલે કે વર્ષ ૧૯૬૪માં જીમ રેયોન નામના શાળામાં ભણતા નાના છોકરાએ એક માઈલની દોડ ત્રણ મિનિટ અને ઓગણસાહીંઠ સેકન્ડમાં પૂરી કરી. જીમ આ જબરજસ્ત સફળતા એટલે હાંસલ કરી શક્યો કારણ કે એના મનમાં હેરીનું અસંભવવાળુ સ્ટેટમેન્ટ હતું જ નહીં. એના મનમાં તો હતું કે જો રોજર બેનીસ્ટર આ દોડ ચાર મિનિટથી ઓછા સમયમાં પુરી કરી શકે તો તેનાથી ઓછા સમયમાં હું આ દોડ કેમ પૂરી ન કરી શકું ?

કોઈકના કહેવાથી જે કાર્ય પચાસ વર્ષો સુધી અસંભવ લાગતું હતું પરંતુ જયારે કોઈ નકારાત્મકતા ન નડે ત્યારે તે પૂરુ થતા માત્ર એક દશકનો જ સમય લાગ્યો. ૨૯૬૩ વન ડે ઈન્ટરનેશનલ મેચ પછી સચિન તેંડુલકરે પ્રથમ બેવડી સદી કરી એ પહેલાં વન ડે ઈન્ટરનેશનલમાં બેવડી સદી શક્ય જ નથી એમ લોકો સમજતા હતા. વર્ષ ૨૦૧૦માં સચિને લોકોની માન્યતા જ બદલી નાખી. સચિનની બેવડી સદી બાદ માત્ર ૧૬ મહિનામાં ૨૫૦ વન ડે પછી વિરેન્દ્ર સેહવાગે સચિનનો રેકોર્ડ તોડી નાખ્યો. પછી તો રોહિત શર્મા, ક્રિસ ગેઈલ, માર્ટીન વગેરેએ વન ડે ઈન્ટરનેશનલમાં ડબલ સદી કરી. હવે તો એવા ખ્યાલ સાથે ખેલાડીઓ મેદાનમાં ઉતરે છે કે, 'એ લોકો કરી શક્યા છે તો હું પણ કરી શકીશ.' ૫૦ વર્ષોમાં વન ડે ઈન્ટરનેશનલમાં અસંભવ લાગતી બેવડી સદી આજે દસ વર્ષ પછી બેવડી સદીઓની લાઈન લાગી ગઈ.

મૂળ વાત તો એ છે કે, જ્યાં સુધી ઘટના ઘટતી નથી ત્યાં સુધી જ એ અસંભવ લાગે. જ્યારે એક વાર ઘટના બની જાય પછી અનેકને એમાં આશા દેખાય છે. વર્ષ ૧૯૫૫માં જાણીતા વૈજ્ઞાનિક ડૉ. લી. ટી. ફોરેસ્ટે છાતી ઠોકીને કહ્યું હતું કે, 'માનવી ક્યારેય ચાંદ ઉપર નહીં પહોંચી શકે.' વર્ષ ૧૯૬૯માં નીલ આમસ્ટ્રોંગે ચંદ્ર ઉપર નાનું ડગલું ભરી માનવ જાતની મોટી છલાંગ મારી. એવી જ રીતે લોર્ડ કેલ્વીને કહ્યું હતું કે, 'માત્ર પક્ષી જ હવામાં ઊડી શકે માણસ ક્યારેય ઊડી ન શકે.' આ પછી ૧૬ વર્ષના સમયગાળામાં રાઈટ બ્રધર્સે બાયસિકલના પુર્જાઓથી હવાઈ જહાજ બનાવ્યું હતું. શારીરિક રીતે અપંગ ફ્રેંકલીન રુઝવેલ્ટ બાર વર્ષ સુધી વિશ્વની મહાસત્તા અમેરિકાના પ્રમુખ રહ્યાં હતા. સુધા ચંદ્રાના પગ ન હોવા છતાં અદભુત ડાન્સર બન્યા હતા. બન્ને પગે હેન્ડીકેપ અરૂણીમા સિન્હા એવરેસ્ટ ઉપર પહોંચી શક્યા.

'અશક્ય' નામનો શબ્દ બહારથી આવીને વ્યક્તિના મનો